ક્રમાંક/ વિજાક/ શિક્ષણ / ૨૦૧૭-૧૮/૧૭૯૨-૧૮૨૯
નિયામક. વિકસતી જાતિ કલ્યાણ
બ્લોક નં-૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન.
ગુજરાત રાજ્ય. ગાંધીનગર
ફોન નં.૨૩૨ ૫૩૨૪૫ થી૫૩૨૪૭
Email-ddcw-minority@gujarat.gov.in
તા. ૨૦/૦૬/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.) ..............................................
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.) ..............................................

વિષય:-**Digital Gujarat Portal** ઓનલાઈન શિષ્યવૃત્તિ-ગણવેશ સહાયની યોજનાઓની પ્રપોઝલમાં આચાર્યશ્રીઓ દ્વારા રહેલ ક્ષતિઓમાં પુન:સુધારા સહિત ઓનલાઈન દરખાસ્ત સુધારા માટે પરીપત્ર કરવા અને સુધારેલી Online દરખાસ્ત મંજુર / બિલ બનાવવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮માં વિકસતી જાતિની ૩ યોજનાઓની દરખાસ્તો **Digital Gujarat Portal** પર ઓનલાઈન કરવામાં આવેલ છે. આ તમામ અનુસુચિત જાતિ. અનુસુચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત, આર્થિક પછાત અને દિવ્યાંગ વિદ્યાર્થીઓની મંજુર કરેલ દરખાસ્તોનું ચુકવણું જિલ્લા તિજોરી કચેરી મારફતે ઈ પેમેન્ટ દ્વારા સીધી વિદ્યાર્થીના ખાતામાં જમા થાય તે માટે તમામ વિદ્યાર્થીઓનો ફાઇનાન્સીયલગેટ વે નો ડેટા વેલીડેશન એસબીઆઇ મારફતે એનપીસીઆઈ દ્વારા કરાવવામાં આવેલ છે. ડેટા વેલીડેશન થયા બાદ તમામ પ્રપોઝલ આચાર્યશ્રીને વિદ્યાર્થી વાઇઝ ફેલગ સાથે તા.૧૭/૦૬/૨૦૧૭ના રોજ ઓનલાઇન પરત કરવામાં આવેલ છે. તેમા પ્રથમ તબક્કમાં થયેલ બેન્ક વેલીડેશનની **TAG** વિદ્યાર્થીના નામ સામે રાખવામાં આવેલ છે.

૧. આચાર્ય દ્વારા પ્રપોઝલમાં કરેલ ભૂલો તથા બેન્ક એકાઉન્ટની ભૂલો અંગે આચાર્યશ્રીઓને કરવાના થતા પરિપત્રની ડ્રાફ્ટ નકલ આ સાથે સામેલ છે. જે જિલ્લા કચેરી દ્વારા તાત્કાલિક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, **B.R.C., C.R.C.**ના સંકલન દ્વારા દિન-૧માં બધી પ્રાથમિક શાળાઓના આચાર્યશ્રીઓને પરિપત્રની નકલ મોકલી આપવાની રહેશે અને આચાર્યશ્રી દ્વારા પ્રથમ તબક્કાની બેન્ક વેલીડેશન થયેલી સુધારો થયેલી દરખાસ્તની હાર્ડ કોપીના આધારે જિલ્લા કક્ષાએથી ચકાસણી કરનાર, મંજૂર કરનાર અધિકારીના **DIGITAL GUJARAT PORTAL**ના **LOGIN** દ્વારા મંજૂર / નામંજૂર પ્રક્રિયા તેના આદેશો વિગેરેની કામગીરી ત્વરીત રીતે જેમ જેમ પ્રપોઝલો તેની હાર્ડ / સોફ્ટ કોપી મળતી જાય તેમ તેમ વિકસતી જાતિની ૧૧ યોજનાવાર જિલ્લા કક્ષાએ મંજૂરી કામગીરી તાત્કાલિક શરૂ કરવાની રહેશે.

૨. જે યોજનાની પ્રપોઝલો મંજૂર થાય તે પ્રપોઝલો મુજબ તા.૧૪/૦૬/૨૦૧૭ની વિડીયો કોન્ફરન્સમાં આપેલ સુચના મુજબ. વર્ષ ૨૦૧૭-૧૮ની બજેટ બુક નવી યોજનાના નામ, હેડ વાઈઝ **DIGITAL GUJARAT PORTAL**માં **BILL** માટેનું વાઉચર-આદેશ ક્રીએટ કરવાના

રહેશે, તેની પ્રિન્ટ લેવાની અને જનરેટ થયેલ વાઉચર I.F.M.S.ના LOGINમાં ડીપાર્ટમેન્ટના OPTIONમાં જઇ તે વાઉચર સિલેક્ટ કરી ONLINE બિલ જનરેટ કરવાનું, બિલની એનેક્ષરની, આદેશ લાભાર્થીની હાર્ડ કોપી તથા ONLINE SOFT COPY જિલ્લા તિજોરી અધિકારીને બિલ દાખલ કરવાનું રહેશે.

૩. જિલ્લા તિજોરી અધિકારી દ્વારા બિલ પાસ થયેથી D.D.O. ને E-PAYMENT માટે ડીજીટલ સીગ્નેચર કરવાનું જણાવશે જે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૪. પગાર બિલોની તારીખ હોવા છતાં શિષ્યવૃત્તિ – ગણવેશ સહાયના BILL દાખલ કરવા નિયામકશ્રી, હિસાબ અને તિજોરી દ્વારા જિલ્લા તિજોરી કચેરીને સુચના આપવામાં આવેલ છે.

૫. પ્રથમ તબક્કાની આચાર્યથી તિજોરી કચેરી સુધીની તમામ પ્રક્રિયા તા.૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવા અંગેની સરકારશ્રીની સુચના છે.

બિડાણઃ ઉપર મુજબ

(કે.આર.ઝાલા)
સંયુક્ત નિયામક
વિકસતી જાતી કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

(૧) કમિશ્નરશ્રી , આદિજાતિ વિકાસ વિભાગ, બિરસા મુન્ડા ભવન, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૧૭/૧, સચિવાલય, ગાંધીનગર
જિલ્લા તિજોરી અધિકારીશ્રીને જણાવવા સારૂ...

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૪/૨, સચિવાલય, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૧૬, સચિવાલય, ગાંધીનગર

(૫) શ્રી ઉમેશ અગ્રવાલ, P.S.A.- N.I.C. સરદાર ભવન, બ્લોક નં-૧૩/૨, સચિવાલય, ગાંધીનગર